સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

છૂટછાટની ઉતાવળ સૌને ભારે પડશે!
ફરી કોરોનાની ભૂતાવળ માથે પડશે!
માર ખાશે પ્રજા અશિસ્તના આચરણથી -
અવનવા ચેપની લાંબી-લાઈન પડશે!
(અમર્યાદ છૂટછાટથી માર ખાવી પડે છે! WHOની પણ ચેતવણી)

હાઈકુ

થાકી હારીને
મરતાં મરતાં ય
લડે છે યોદ્ધા...

મૂકે દાવમાં
ઈમેજને આબરૂ -
હાર્યો જુગારી...

(મફત રસીનું રાજકારણ)

ચિંતન

નિન્દન્તુ નીતિનિપુણા યા વા સ્તુવન્તુ લક્ષ્મીઃ
સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।
અદ્યૈવ વા મરણમસ્તુ યુગાન્તરે યા
ન્યાય્યાત્પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

વ્યવહાર અને નીતિમાં નિપુણ હોંશિયાર એવા 'બુદ્ધિમાન' પુરુષો ભલેને નિંદા કરે કે પછી વખાણ કરે, લક્ષ્મી-સમૃદ્ધિ ભલે આવે કે મનફાવે ત્યાં જાય, અને મરણ પણ જો થવાનું હોય તો આજેજ થાય છે કે યુગાન્તરો પછી થાય. પરંતુ ધીરજવાન, મક્કમ-અણ પુરુષો ન્યાય કર્તવ્યના માર્ગથી એક ડગલું પણ વિચલિત થતાં નથી.

જે ધીરજવાન છે તે ન્યાયના કર્તવ્યના માર્ગને કદાપિ છોડતા નથી. પોતે જે નિયમો - સિદ્ધાંત નક્કી કર્યા હોય એને ગમે તેવી લાલચ-લોભ આવે તો પણ ચલિત થતો નથી.

આવા અડગ નિર્ણયશક્તિવાળા માણસો સમાજમાં લઘુમતિમાં હોય છે. આવા માણસો મૃત્યુથી પણ ડરતા નથી, ધનનો લોભ કે જુઠું બોલી બચાવવાની વૃત્તિ તેમનામાં હોતી નથી. પૈસો આવે કે જાય પણ પોતાનો નિર્ણય બદલતા નથી. ધીરજવાન આવા મક્કમ મનોબળ વાળા સિદ્ધાંતપ્રિય હોય છે.

સુવિચાર

- લોગ આપસે નહીં, આપકી સ્થિતિ સે હાથ મિલાતે હૈં - **સત્યકામ**
- કોશિશ જ નહીં કરીએ, તો જીતવાની સંભાવના સાથે પરિચય ક્યાંથી થશે? - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- તમારા ડરને તમારા ભવિષ્યના નિર્ણયોનો આધાર ન બનવા દો - **જન્મભૂમિ**
- દીકરી એટલે ઈશ્વરના આશીર્વાદ નહિ, દીકરી એટલે આશીર્વાદમાં મળેલ ઈશ્વર - **જીવન પાથેય**
- કહેવાય છે કે 'ઉપરવાળો' શોધાય છે 'નીચે' હોય છે... 'અંદર' - **જવાહર બક્ષી**
- મારો હાથ ઝાળીને અક્ષર ઘુંટાવે.. ખુદ જિંદગી મને પણ ક્યારેક જીવતાં શિખવાડે - **મનહર શેઠ**
- આજનું ઔષધ : કોબીજના પાનને મિક્ષરમાં પીસીને થોડું પાણી ઉમેરી જ્યુસ જેવું બનાવી ને પીવાથી ભગંદરમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સ્વામી વિવેકાનંદ પાસે એક યુવાન આવ્યો. તે વિવેકાનંદની વાતો અને વિચારોથી પ્રભાવિત થયો હતો. તેણે સંસાર છોડી સન્યાસ ગ્રહણ કરવાનું વિચાર્યું હતું. તેણે સ્વામીને કહ્યું, 'આપ મને સંન્યાસની દીક્ષા આપો. મારે આપની સાથે રહેવું છે અને કામ કરવું છે. આ મારો દૃઢ નિર્ધાર છે.' સ્વામીએ યુવાનને ખભે હાથ મૂકીને મિત્ર ભાવે પૂછ્યું, 'ભાઈ, સંન્યાસી થવું એટલે શું? એની તમને જાણ છે ખરી?' યુવાને કહ્યું, 'સ્વામીજી, સંન્યાસનો અર્થ શું છે એની તો મને ખબર નથી, પરંતુ હું તો સંન્યાસી બનીને સાધના ભક્તિ કરી પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માંગુ છું.' સ્વામીએ કહ્યું, 'સાધના અને ભક્તિ કરીને તમે શું કરશો ?' યુવાને કહ્યું, 'એનાથી મારા જીવનનું કલ્યાણ કરીશ, મુક્તિ પામવા માટે અથાગ પ્રયત્ન કરીશ, સાધના કરીશ.'

સ્વામીએ કહ્યું, 'અરે ભાઈ!! સાચો સન્યાસી ક્યારેક સંકિર્ણ કે સ્વાર્થી ન હોય. એ માત્ર પોતાની મુક્તિ કે કલ્યાણનો વિચાર કરે જ નહીં. એ તો પોતાની સઘળી શક્તિ અને સઘળા અનુભવોનો ઉપયોગ જનસેવા અને રાષ્ટ્રના વિકાસમાં કરે. જો તું સન્યાસીની મારી આ પરિભાષા સાથે સંમત હોય, તો જ તું જ મારા પથનો પથિક બની શકે, નહીં તો નહીં.' યુવાનને સ્વામીની ભાવના સમજાઈ. તેમણે કહ્યું, 'તમે મારી આંખો ખોલી દીધી. હું તમારી આ પરિભાષા સાથે સંમત છું.' સ્વામી વિવેકાનંદ એ તેને પોતાના શિષ્ય તરીકે સામેલ કર્યો. અને એને નામ આપ્યું સ્વામી સદાનંદ. સ્વામી સદાનંદે પોતાનું જીવન રાષ્ટ્ર અને ગરીબો માટે અર્પણ કર્યું.

મમતા દીદીના આંગણે બીજો વિજયોત્સવ

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીને પશ્ચિમ બંગાળ ડગલેને પગલે આંચકા આપી રહ્યું છે. ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ વગેરે રાજયોમાં જે કૂટનીતિ કારગત નીવડી તે પશ્ચિમ બંગાળમાં બૂમરેંગ થઈને પાછી પડી છે. મમતા બેનરજી ફકત ચૂંટણીમાં હેટ્રિક કરીને જંપ્યા નથી. હવે એમના આંગણે ભારતીય જનતા પાર્ટી સામેની લડાઈનો બીજો તબક્કો શરૂ થયો છે. આખા દેશમાં ભાજપ તરફ વહેતો પ્રવાહ પશ્ચિમ બંગાળમાં સાવ જ ઊંધી દિશામાં વહેતો થયો છે. ભારતીય જનતા પાર્ટી અને એના કરિશ્માઈ સર્વોચ્ચ નેતાથી અંજાઈને મમતા બેનરજીના ઘણા સિનિયર સાથીઓ એમને છોડીને ભાજપ સાથે ભળી ગયા હતા. એમને પદ, નાણાં અને વિવિધ કેન્દ્રીય એજન્સીઓની તપાસમાંથી મુક્તિ જેવી લાલચો અપાઈ હતી. મુકુલ રૉય સામે શારદા કૌભાંડની તપાસ ચાલતી હતી. અન્ય નેતાઓ પણ કોઈને કોઈ રીતે ફસાયેલા હતા. મમતા બેનરજી સાથે રહેવાથી એમને જેલ થઈ શકે એમ હતી જયારે ભાજપમાં પ્રવેશવા માટે લાલ જાજમ પાથરીને એમને સંસદ, વિધાનસભા કે સંગઠનમાં પદ ઉપરાંત અઢળક નાણાંની ઓફર હતી. આ બધું કપોલ કલ્પિત નથી. શાસક પાર્ટીએ આખા દેશમાં વિપક્ષોને નબળા પાડવા આ જ રીતરસમ અજમાવેલી છે. ગુજરાતમાં આપણે નજરે જોયું છે તેમ જાતિગત પ્રભાવ ધરાવતા કુંવરજી બાવળિયા કે જવાહર ચાવડાને કોંગ્રેસમાંથી રાજીનામું અપાવી મંત્રીપદું સોંપાયું હતું. અન્ય કેટલાક ધારાસભ્યોને એમની સામેની તપાસ માંડી વાળવાની સાથે આર્થિક દલ્લો અને કેટલાકને ટિકિટની ઓફર કરાઈ હતી. પ્રજા પાસે એક છઠ્ઠી ઈન્દ્રિય છે અને ત્રીજી આંખ પણ છે જે રાજાનાં કારનામાં બરાબર પારખતી હોય છે. વિપક્ષની આબરૂ ધૂળધાણી કરવામાં ભાજપને બંગાળ સિવાયનાં ઘણાં બધાં રાજયોમાં ધારી સફળતા સાંપડી છે, પરંતુ બિહારમાં એને નિતિશકુમારની ઓથ લેવી પડી છે. દિલ્હીમાં કેજરીવાલને ઊની આંચ આવી નથી તો વળી દખ્ખણમાં ભાજપનું નામું લખાઈ ગયું છે. કેરળમાં સમ ખાવા પૂરતી એક પણ બેઠક મળી નથી અને તમિલનાડુમાં ડીએમકે-કોંગ્રેસનું ગઠબંધન જીત્યું છે. પશ્ચિમ બંગાળમાં ભાજપના હાઈકમાંડે એડીચોટીનું જોર લગાવી મોદી સામે હરહંમેશ ટકરાતાં રહેતાં મુખ્યમંત્રીનો ઘડોલાડવો કરવાનો ઈરાદો રાખ્યો હતો. આસામમાં કોંગ્રેસને ઝબ્બે કરવામાં મળેલી સફળતા પછી મોદી-શાહને પશ્ચિમ બંગાળમાં એનું પુનરાવર્તન કરવામાં ઝાઝી તકલીફ નહીં પડે એવો માહોલ પણ સરજાયો હતો. મુકુલ રાયથી લઈ શુભેન્દુ અધિકારી સુધીના પ્રખર સાથીઓ મમતા બેનરજીના એક યા બીજા કારણસર સાથ છોડી ગયા છતાં મમતાનો વાળ વાંકો ન થયો. મુકુલ રૉય જેવા નેતાઓ સામેની કેન્દ્રીય એજન્સીઓની તપાસ આટોપાઈ ગઈ અને એમને ભાજપના સંગઠનમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવું ઊંચું પદ પણ અપાયું હતું. પરંતુ ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર વિધાનસભાની બેઠક જીત્યા છતાં મુકુલ રૉયને મમતા દીદીથી જુદા પડવાનો રંજ રહ્યા કરતો હતો. આખરે એમણે ભાજપ છોડીને દીદીનું શરણું સ્વીકાર્યું અને હવે એ તૃણમૂલ કોંગ્રેસના અગાઉ જેવી જ સિનિયોરિટી સાથે પુનઃસ્થાપિત થશે. મમતા બેનરજીને છોડી જનારા ત્રીસ-પાંત્રીસ નાનામોટા સાથીઓ ભાજપ છોડીને પાછા ફરવા માગે છે ત્યારે મમતાએ એ પૈકી જેમણે 'ગદ્દારી' નથી કરી કે જેમણે 'લક્ષ્મણ રેખાઓ' નથી ઓળંગી એમને સ્વીકારવાની તૈયારી પણ બતાવી છે. દેખીતું છે કે શુભેન્દુ અધિકારી પરિવાર માટે દીદીનાં દ્વાર હંમેશ માટે બંધ થઈ ગયા છે. એક રીતે ભાજપ માટે આ અકલ્પનીય તમાચો છે. મમતા બેનરજીએ વિજયની બીજી ઈનિંગ્સ શરૂ કરી છે એનો આ પૂર્વાભાસ છે. ભાજપને તોડફોડનું રાજકારણ બધે ફળ્યું હશે પણ પશ્ચિમ બંગાળમાં નડ્યું છે. મમતા દીદી રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી ચૂક્યાં છે અને જો શરદ પવાર જેવા વરિષ્ઠ નેતાઓ ભાજપના સકંજામાં ન આવે તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી ભાજપ માટે પડકારરુપ બની શકે એમ છે.

બાળકો, સાંપ્રત સમયની એક ચેલેન્જ છે!

આરપાર
રાઘવજી માધડ

એક ટેણિયું મોબાઈલમાં મસ્ત ને વ્યસ્ત હતું.તે દરમ્યાન તેની મમ્મીએ કહ્યું:'તું પાસ થઈ ગયો છો !'પણ પછી એકાએક યાદ આવી ગયું તે મમ્મીને પૂછ્યું:'હેં મમ્મી,હું ક્યા ધોરણમાં આવ્યો !?'આ સાંભળી મમ્મીને ચક્કર આવી ગયા.પણ જાતને સંભાળી લીધી. છેલ્લા એક વરસથી, વિકલ્પરૂપે શરુ થયેલા ઓન લાઈન એજ્યુકેશનની આ એક આડ અસર ગણી શકાય. હોમલર્નિંગના સબળ માધ્યમ તરીકે આપણે અન્ય કોઈ વિકલ્પ લાવી,વિચારી તેનો અસરકારક અમલ કરી શક્યા નથી. તેથી ન મામા કરતા કાણો મામો શું ખોટો..!પણ ઘરે રહી સાવ ઓછું ભણતું ને વધારે મોબાઈલમય રહેતું બાળક જિદ્દી બની ગયું છે, કોઈનું કહ્યું માનતું નથી. તે મોબાઈલમાંથી મુક્ત થઈ દૈનિક ક્રિયાઓ માટે પણ નાછૂટકે ઉભું થાય છે.ટીવીમાં પણ રસ રહ્યો નથી.મોડી રાત સુધી,ચોરીછૂપીથી પણ જાગે ને મોબાઈલમાં મચડ્યા કરે છે. વાલીઓને સખત ચિંતા રહે છે, બિલાડું કાઢતા ક્યાંક ઊંટ પ્રવેશી જાય નહીં ! પણ આ બાબતે વાલીઓએ પણ કાળજી લેવી ઘટે. સઘળું અન્યના આધારે છોડી દેવું તે પાલવે એવું નથી. સાંપ્રત સંજોગોની એક આ ચેલેન્જ સમજવી રહી.

બાળક સતત ઘરે રહે છે. ફ્રેન્ડ સાથે રમવા પૂરતું પણ બહાર નીકળી શકતું નથી.આ ઘરેલું સંજોગોમાં તેનાં વાણી,વર્તન,વ્યવહારનો વૈજ્ઞાનિક અભિગમથી અભ્યાસ થવો જોઈએ.અભ્યાસ પછી નિદાન અને ઉપ ચારની પ્રક્રિયા શરુ થવી જોઈએ.એક વરસ જેવો સમય અભ્યાસ,સંશોધન માટે ઓછો નહોતો.અને હજુ કેટલું ચાલશે એ કહેવાય એવું નથી. આપણી પાસે હોય તે ટેબ્લેટથી ઉપચાર કરતા રહેવાથી શું થાય ?

વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાને લઈ પરીક્ષાઓ રદ થઈ,માસ પ્રમોશન આવ્યું. સામાન્ય રીતે કોઈની કલ્પનામાં પણ નહીં આવ્યું હોય કે, આવું બને !પણ બન્યું. નિયત કરેલી પદ્ધતિ, ફોર્મ્યુલા મુજબ સ્કૂલો મૂલ્યાં કન કરશે ને પરિણામ આપવામાં આવશે. સારું, નબળું એ સમય કહેશે. પણ પરીક્ષાનો એક વિકલ્પતો ઉભો, ખુલ્લો થયો.આખું વરસ મહેનત કરી હોયને નિયત સમયની પરીક્ષામાં યાદશક્તિના આધારે યોગ્ય ઉત્તર ન પણ આપી શકે... મેરીટ નીચું જા ય . વા લી, વિદ્યાર્થીઓની અપેક્ષા લટકી પડે... આવું ઘણાંમાં બને છે. તેથી સમગ્ર વરસ દરમ્યાનની કસોટી અને અભ્યાસનું મૂલ્યાંકન થાય તે યોગ્ય લાગે છે.અને એકવાર બદલાવ લાવ્યા પછી તેમાં જરૂર સુધારા-વધારા કરાવાને અવકાશ હોય છે. અપનાવેલી પદ્ધતિને અપડેટ ક્યાં કરી શકાતી નથી ! ખરેખરતો પરીક્ષામાં પરિવર્તન લાવવા માટેની સુવર્ણ તક ઉભી થઈ ગણાય.પરીક્ષામાં પરિ વર્તન લાવવા માટેનું આ પ્રવેશદ્વાર ખૂલ્યું કહેવાય.આપણેતો આફતને અવસરમાં પરિવર્તિત કરનારી પ્રજા છીએ. તકલીફને તક સમજી વધાવી લઈએ તો, ગુજરાતે પરીક્ષામાં પરિવર્તનની પહેલ કરી ગણાશે.

જૂન માસથી શૈક્ષણિક સત્ર શરુ થાય છે.વિદ્યાર્થીઓના પ્રવેશથી શાળા-કોલેજો ભરાવા,ઊભરાવા લાગે છે.પરિસરનું આખું વાતાવરણ જીવંત થઈ ઊઠે છે. વિદ્યાર્થીઓ વગર ગમતું કે ગોઠતું નથી એવું શિક્ષકો કહે તે સ્વાભાવિક છે.પણ છેલ્લા ઘણાં મહિનાઓથી શાળા-કોલેજો વિદ્યાર્થીઓથી વંચિત થઈ ગઈ છે.અને ખાસતો પ્રવેશોત્સવ પણ અટકી ગયો છે.આ પ્રવેશોત્સવની શરૂઆત લગભગ ઈ.સ.૧૯૯૯થી થઈ હતી. તેનો ઉદેશ્ય શાળામાં દાખલ થવા પાત્ર બાળકોનું નામાંકન થાય તે હતો.અને પછીથી બાળકોનું શાળામાં સ્થાયીકરણ થાય.ત્યારે ગુજરાતના અમુક અંતરિયાળ વિસ્તારોમાં નામાંકનનું પ્રમાણ નહિવત હતું. કન્યા ઓનેતો શાળામાં લગભગ દાખલ કરવામાં આવતી નહોતી.ભણવા અથવાતો શાળામાં દાખલ થવા પાત્ર બાળકો સાથે કન્યાકેળવણીના મહત્વના હેતુને સિદ્ધ કરવા પ્રવેશોત્સવની શરૂઆતની કરવામાં આવી હતી. તેથી સારુંનેધાર્યું પરિણામ આવ્યું હતું. કન્યાઓને ભણાવવામાં ન માનનારા સમાજમાં પણ જાગૃતિ આવી. ગ્રામજનો આ બાબતે શાળામાં રસ લેતા થયા.અને અદ્ધવચ્ચે શાળા છોડી જતા બાળકોનું પ્રમાણ ઘટ્યું, તેનું સ્થાયીકરણ થયું. બાળકો શાળામાં આવતાં,સ્થિર થતાં ને ભણતાં થયાં.આ એક સિદ્ધિ ગણી શકાય.

પણ પછીથી બાળકોના આ શાળામાં સામુહિક નામાંકન, પ્રવેશ માટેના ઉત્સવમાં બદલાવ આવવા લાગ્યો. આયોજનતંત્ર અને નામ બદલાયું..તેમાં ક્યાંક દાખલ થવા પાત્ર એકાદ-બે બાળકો ને આવનારા અનેક...ઉદેશ્યને ઉધઈ લાગી. હા, ફાયદો એ થયો,ઘણાં ઉચ્ચઅધિકારીઓ ગામડાની સ્થિતિ, મુશ્કેલીઓને જાણતા, સમજતા થયા. તેમજ ગ્રામલોકોના અહીં પાટનગર સુધીના સંબંધો સંધાયાં, બંધાયા. તેથી કામની ગતિવિધિ સરળ બની. પણ આ વરસે વસવસો રહી ગયો !

છેલ્લે :

કહેવત છે : રાંધે ત્યાં દાઝે અથવા રંધાય ત્યાં ગંધાય....પણ રંધાય તે પોસાય.

તમે તમારા સંતાનને શું આપો છો? સંસ્કાર, સમય કે સમૃદ્ધિ ?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

તમે તમારા સંતાનોને શું આપો છો ? સંસ્કાર, સમય કે સમૃદ્ધિ ? આ પ્રશ્ન આમ તો મોટાભાગના માતપિતાઓને ગમે એવો નથી કેમ કે સૌ એવું જ માનતા હોય છે કે અમે અમારા સંતાનોને સંસ્કાર તો જન્મથી આપીએ જ છીએ. અને એક રીતે જોઈએ તો વાત સાચી પણ લાગે, પરંતુ આ 'સંસ્કાર એટલે શું ?ત્ન બાળક જન્મથી એક પરિવારમાં રહે છે એટલે એ પરિવારની બધી જ રીતિ નીતિઓ શીખવાનું છે જ, વળી આજકાલ તો હરકોઈ માબાપ પોતાના બાળકનું ખૂબ એટલું બધું ધ્યાન રાખતા થઈ ગયા છે કે અસંખ્ય માતાઓએ પોતાની કારકીર્દિ ત્યજી દીધી છે. નવા જન્મેલા બાળકની સારસંભાળ રાખવા શિક્ષિત માતા, સારી નોકરી કરતી માતા બધુ છોડી શકે છે પરંતુ એ જ બાળક ચાલીસ કે પચાસ વર્ષ પછી વૃદ્ધ માતાપિતા માટે નોકરીનો કે ધંધાનો એક દિવસ પણ બગાડતા નથી ત્યારે સવાલ ઊઠે છે સંસ્કારના કે બાળપણમાં માતાપિતાએ એમના સંતાનોને શું આપ્યું હતું ?

આજનો યુગ હાઈટેક યુગ છે. ચારેતરફ સંસ્કારને બદલે સમૃદ્ધિને, સુખ સગવડને વધારે મહત્વ અપાઈ રહ્યું છે. માતાપિતા બન્ને નોકરી કે વ્યવસાય કરતા હોવાથી સંતાનોને તમામ પ્રકારની સગવડ મળી જાય છે. બાળપણથી તમામ ટેકનોલોજીવાળો મોબાઈલ ફોન, લેપટૉપ તથા લેટેસ્ટ ડિઝાઈનના કપડાં, મોજશોખના બધા જ સાધનો બાળકોને મળતા રહે છે ત્યાં સુધી બાળકો માતાપિતાના કહ્યામાં પણ રહે છે. કેમ કે નહિતર પોતાને મળતી બધી સગવડ બંધ થઈ જાય એવા ડરને કારણે માતાપિતાની બધી વાત માનતા સંતાનો સંદર્ભે મોટાભાગના માબાપ એને સંસ્કાર સમજી બેસે છે. આજે દરેક માતા પિતા ઈચ્છે છે કે પોતાનો દીકરો કે દીકરી વિદેશ જાય, ત્યાં જઈને અભ્યાસ કરી સેટ થાય. અને અસંખ્ય માતાપિતાઓએ પોતાના સંતાનોને લાખો રૂપિયાના દેણા કરીને પોતાના સંતાનોને વિદેશ સેટ કર્યા છે. ડોકટર બનાવ્યા હશે પણ પછી પરિણામ ? સંતાન વિદેશમાં સેટ થઈ જાય છે અને અહીં ઢળતી ઉમરે વૃદ્ધ માતા પિતાને વૃદ્ધાશ્રમનો સહારો લેવો પડે છે. શક્ય છે કે કોઈક સંતાનો એ વૃદ્ધાશ્રમનો ખર્ચ મોકલતા હશે પણ માતાપિતાની સંવેદનાનું શું ? જે માતા પિતાએ જન્મથી લઈને આરંભના દસ વર્ષ સુધી સંતાનોની એકએક ઈચ્છાઓ પુરી કરી છે, ડગલે ને પગલે ધ્યાન રાખ્યું છે. સંતાનોની ઉંઘ ના બગડે એટલે માતાપિતા જાગ્યા છે. સંતાનોને ખુશ રાખવા પોતાની ઈચ્છાઓ મારી છે. એવા માતાપિતાઓના સંતાનો મોટા થઈને પોતાના જ માતાપિતાને છેલ્લા પાંચ દસ વર્ષ પણ સાચવી શકતા નથી. ત્યારે સવાલો ઊભા થાય છે સંસ્કારના

મેં એવા ઘણાય સત્ય કિસ્સાઓ જોયા છે કે એક નો એક દીકરો વિદેશમાં ખુબ કમાતો હોય અને માતા પિતા અહીં બિચારા એકલા મજુરી કરતા હોય, નાના એવા ઘરમાં રહેતા હોય, જાતે જમવાનું બનાવી ના શકતા હોય, તબિયત બગડતા હોસ્પિટલના ધક્કા ખાતા હોય, ઉનાળાની સખત ગરમીમાં એ.સી.વિના જુના પંખાની હવા ખાઈને જીવતા હોય અને એમના સંતાનો દેશના કે વિદેશના કોઈ મહાનગરમાં તમામ સુખ સમૃધિમાં જીવતા હોય. અહીં માતા પિતાએ બપોરના કે સાંજના ભોજન માટે સંઘર્ષ કરવો પડતો હોય છે જ્યારે એ જ સંતાનોના મનમાંથી એ સંવેદના નીકળી જાય છે કે આજે મારા પિતા શું જમ્યા હશે ? અથવા જમ્યા હશે કે નહીં ? આવી રીતે કેટલા માતાપિતાને રોજ ફોન આવે છે સંતાનોના ? નથી આવતા ત્યારે સવાલો ઊભા થાય છે સંસ્કારોના કે બાળપણમાં માતાપિતાએ એમના સંતાનોને શું આપ્યું હતું ?

આજના યુગના માતાપિતાઓની સૌથી મોટી ભૂલ એ છે કે તેઓ પોતાના સંતાનોને બાળપણથી બધી જ સગવડ આપી દે છે. પરિણામે બાળકને કોઈ સંઘર્ષ કરવાનો રહેતો નથી. અને જે ચીજ સંઘર્ષ વિના મળે છે એની કોઈ કિંમત હોતી નથી. તેથી માતાપિતાઓએ આપેલી એ તમામ સગવડનું મૂલ્ય સંવેદનાથી નહીં સમાધાનથી ચૂકવવું પડે છે. વૃદ્ધાવસ્થામાં વારે વારે સમાધાન કરવું પડે છે. કેમ કે સંતાનોમાં સંવેદના કે સંસ્કારને બદલે સુખ, સગવડ, સાહ્યબી અને સમૃદ્ધિનો જ ભાવ આવિર્ભાવ થયેલો હોય છે.

કદાચ એવું પણ બને કે આજના ઘણા માતાપિતાઓને આ સંસ્કાર કંઈ રીતે આપવા એનું જ સાચું જ્ઞાન ના હોય ? મોટેભાગે બાળકોમાં વારસાગત ડીએનએમાં આ સંસ્કાર ઉતરીને આવતા હોય છે પણ છતાંય જે બાળકોને શીખવવામાં આવે છે તે જીવનભર એને યાદ રહે છે. અને બાળકોનું મન સાવ કોરી પાટી હોય છે. એમાં ગમે તે લખી શકાય છે. પણ માબાપ એમાં કશું લખવા કરતા એને બધી સગવડ આપી બાળકને અત્યારે સુખી કરી દે છે અને એ બાળક મળતા સુખ સમૃદ્ધિમાંથી- મોબાઈલ સોશિયલ મીડિયામાંથી પોતાને ગમતું પોતાના સંસ્કારમાં ઉતારતું જાય છે. વિદેશમાં આવા બાળકો મોટાભાગે ક્રિમિનલ બને છે અથવા સોળ વર્ષના થતા માતાપિતાનું ઘર ત્યજી દે છે અને આપણે ત્યા સંતાન લગ્ન ના થાય ત્યા સુધી જ માતાપિતાના બની રહે છે અને પછી જુદા થઈને પોતાની દુનિયા વસાવી લે છે જેમાં મોટેભાગે માતાપિતાનું કોઈ સ્થાન હોતું નથી.

અગાઉના વર્ષોમાં દરેક પરિવારોમાં કેટલાંક નિયમો કૉમન હતા. દરરોજ સવારે ઊઠીને ઘરના તમામ વડિલોને પ્રણામ કરવા, સ્નાન કરીને જ બહાર જવું, સાંજે ઘરના દરેક સભ્યોએ સાથે જ ભોજન કરવું, સાંજે દરેક ઘરમાં દીવા-આરતી થાય પછી જ ઘરની લાઈટ ચાલું કરવી. આ દીવા આરતીમાં હનુમાન ચાલીસા, ગાયત્રી ચાલીસા, શીવસ્તૂતિ, મંત્રો, ચોપાઈઓ, ભજનો વગેરેનો રોજ પાઠ થાય અને ઘરના બધા બાળકોએ ફરજિયાત એમાં બેસીને સાથે ગાવાનું. રાત્રે એક રૂમમાં કે ઓસરીમાં બધાની પથારી એક સાથે થતી અને બધા એક સાથે સૂતા અને એ વખતે માતા તરફથી બાળકોને રામાયણ કે મહાભારત કે પંચતંત્ર કે હિતોપદેશ કે અન્ય કોઈ ઉપદેશાત્મક, કાલ્પનિક, ઐતિહાસિક કે પૌરાણિક કથાઓ, વાર્તાઓ કહેવાતી હતી, આ બધી બાબતો મારી સાથે બની ચૂકી છે બાળપણમાં. પણ આજની પેઢીને હવે આ બધુ મળવું અશક્ય છે.

આ બધી પ્રવૃત્તિઓ સંસ્કારનો એક મોટો ભાગ બનતી હતી. જે આજે મોટાભાગના ઘરમાં આવી બધી પ્રવૃત્તિઓ બંધ છે. આજે ખૂદ મા દિવસ આખો વૉટ્સપમાં ચેટિંગ કરે છે, પિતા બહાર કામધંધે જાય છે. છોકરાઓ અભ્યાસ કરે છે કે ટ્યુશને જાય છે કે ગેમ રમે છે કે મિત્રો સાથે ગપ્પા મરે છે કે મોબાઈલમાં કે લેપટૉપમાં ઈન્ટરનેટ ઉપર શું કરી રહ્યા છે, શું જોઈ રહ્યા છે ? એની માતાપિતાઓને જ કશી ખબર હોતી નથી. કેમ કે આજે એક ઘરમાં જીવતા માતા પિતા અને બાળકોની સૌની અલગ અલગ પ્રાઈવસી થઈ ગઈ છે. સૌના જુદા જુદા પાસવર્ડ છે. બાપ દીકરા કે દીકરીનો મોબાઈલ ના જોઈ શકે, એ કેવું કહેવાય ? આ ઈન્ટરનેટે સૌને આખા વિશ્વ સાથે તો જોડી આપ્યા પણ પોતાના પરિવારથી સૌને અલગ કરી દીધા. અને પરિણામે સંસ્કારના મૂળિયા જ અહીંથી કપાવા લાગ્યા. તેથી હવે મોટાભાગના માતાપિતાઓએ બહારના શિક્ષણ ઉપર આધાર રાખવો પડશે કે પોતાના સંતાનો કેવા થશે ? શક્ય છે કે સંતાનો જાતે સમજણ કેળવીને સ્કૂલ કૉલેજમાં સારા માર્ક્સ લાવે છે. સારી નોકરી કે ધંધો કરીને લાખો રૂપિયા કમાઈ લે છે પણ જો તેમનામાં સંસ્કાર નહીં હોય તો લાખો કરોડો રૂપિયા પણ નકામાં છે. કેમ કે રૂપિયાથી સુખ, સગવડ, સમૃદ્ધિ ખરીદી શકાય છે પણ સંસ્કાર નહીં. અને સંસ્કાર વિનાના સંતાનો સાત પેઢીની સમૃદ્ધિને ડુબાવી શકે છે એવા પણ કિસ્સા આપણે ત્યા ચારેતરફ છે. આવું આપણી સાથેય ના બને એ માટે ઘરના તમામ સભ્યોએ બને એટલો સમય એકબીજાની સાથે વિતાવવો જોઈએ,

મિત્રો, આ કોરોના વાયરસે આખી દુનિયાને બતાવી દીધું છે કે પરિવારનું શું મહત્વ છે. પુરા પરિવાર વિના સંસ્કાર શક્ય નથી, અને જ્યા સંસ્કાર નથી ત્યા સન્માન નથી, અને જ્યા સન્માન નથી ત્યા વિકાસ નથી, સુખ શાંતિ ને સમૃદ્ધિ નથી.

Email. 9426060601.india@gmail.com

સોશિયલ મીડિયા પર સટાસટી...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'નેકી કર ઔર દરિયા મે ડાલ' નહીં પણ ' કુછ ભી કર ઔર સોશિયલ મીડિયા પે ડાલ ' આ છે આજનો નવો મંત્ર...! બાય ધ વે આને મંત્ર કરતાં મુસીબત કે પછી વળગણ વધુ કહી શકાય એ હદે લોકોના દિમાગમાં સોશિયલ મીડિયા ઘૂસી ચૂક્યું છે. આમ નેકી કર પણ સોશિયલ મીડિયા પર અચૂક ડાલ એ પાછું મસ્ટ થતું જાય છે. પોતાનું સ્ટેટ્સ ભલે ને સાવ તળિયે હોય પણ ફેસબુક કે ઈન્સ્ટા કે બીજા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તો સ્ટેટ્સ ઊંચા માયલું જ મેલવાનું...! 'ભાઈ ભાઈ, આકાશના ત્યણ ત્યણ કટકા થઈ જાય એવો ફોટો છે ' એવું જ્યાં સુધી કોમેંટમાં ના આવે તો ધૂળ પડી જીવનમાં... આઈ મીન પ્રોફાઈલમાં કે સ્ટેટ્સમાં...! રોલા પડી જાવા જોઈ...જોનારની આખ્ખૂ ચાર થઈ જાવી જોઈ... બળતણીયાવ ને તાત્કાલીકમાં બરનોલ લેવા દોડવું પડે એવું સ્ટેટ્સ...ફોટું કે પછી કોમેન્ટ નો કરી હકી તો પછી ફયટ છે એવા પોફાઈલને... શું કિયો છો ?

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તમે સારા વિચારો... સારી માહિતીઓ... સારા અનુભવો શેર કરી શકો... એકબીજા સરખા રસવાળા લોકો સાથે કનેક્ટ રહી શકો અને ખાસ તો એના માધ્યમથી એકબીજાને મદદરૂપ થઈ શકો. પણ અત્યારે આ માયલું સાવ ઓછું અને આની વિરુધ્ધનું વધુ થઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પર આજકાલ સૌથી વધુ જો કોઈનું ચલણ હોય તો એ છે ટ્રોલિંગ અને બીજું છે હેટ સ્પીચ કે કોમેન્ટ. સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ આમ થતું જાય છે જો કે એ હમેશા ચલણમાં રહ્યું જ છે પરંતુ મોટાભાગે જોવામાં આવે છે કે કોઈ એક સારી એક્ટિવિટી કે પોસ્ટને વધાવતા લોકોની સાથે સાથે એની વિરુધ્ધની કોમેંટ્સ કે પોસ્ટ પણ જોવા મળતી જ હોય છે. ટ્રોલિંગમાં મજા એ છે કે તમે કોઈપણ આઈ રિપીટ કોઈપણનું ટ્રોલિંગ કરી શકો છો પછી ચાહે એ અમિતાભ હોય કે મોદી... કંગના હોય કે ટ્રમ્પ...! આ નામ તો માત્ર ઉદાહરણ માટે છે બાકી સોશિયલ મીડિયા પર એક આખી ટ્રોલ આર્મી જ મોજૂદ હોય છે જેનું કામ જ આ હોય છે ટ્રોલ કરવું.અને આ ટ્રોલિંગમા કોઈ આમ આદમી પણ આવી જાય અને ટ્રોલિંગમાં ફેવરનું અને વિરુધ્ધનું આ બંને ટ્રોલિંગ પણ આવી જાય..! ટ્રોલિંગ તો એના પર આધાર રાખે કે કોના ભાથામાં વધુ તીર છે - બોલે તો ગેંગ કેવડી છે અને એની પાસે દારૂગોળો કેટલો છે સામેવાળા પર ફોડવા માટે...! મોટાભાગના ટ્રોલિંગ પર્સનલ એટેક અને અનિધિક